ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ બીજ ગુરુવાર ૧૬ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૫

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

ખાડીપૂર અને ભારે વરસાદથી પાણી ભરાઈ જતાં વ્યાપક નુકસાનને પગલે રહેણાંક અને વેપારી મિલકતો માટે રાહત પેકેજ

સુરતના પૂરગ્રસ્ત વેપારીઓને રૂ. 1 લાખ સુધીની સહાય

ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટની બેઠક બાદ રાહત પેકેજની નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા જાહેરાત

નાનાથી મોટા વેપારીઓને 7500થી એક લાખ સુધીની સહાય અપાશે

રહેણાંક અને કોમર્શિયલ મિલકતોને એક વર્ષ માટે વેરામાં રાહત મળશે

ઉદ્યોગકારોને માસિક ટર્નઓવર પર વ્યાજ સહાય આપવામાં આવશે

ગાંધીનગર: સુરત જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે વેપાર, વાણિજ્ય અને સેવાકીય એકમોને થયેલા વ્યાપક નુકસાનને ધ્યાનમાં રાખીને સીએમ ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત વેપારીઓના પુનઃવસન માટે રાજ્ય સરકારનું સહાય પેકેજ જાહેર કર્યું છે. આજે ગાંધીનગરમાં મળેલી કેબીનેટ બેઠક બાદ આ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી

...અનુસંધાન પાના 11 પર

પૂરગ્રસ્ત વેપારીઓ માટે જાહેર કરાયેલા પુનઃવસન સહાય પેકેજના મુખ્ય મુદ્દાઓ

- લારી/રેકડી ધારકોને રૂ. 7,500ની ઉચ્ચક રોકડ સહાય.
- 40 ચોરસ ફૂટ સુધીની નાની કેબિન ધરાવનારને રૂ. 25,000ની ઉચ્ચક રોકડ સહાય
- 40 ચોરસ ફૂટથી મોટી કેબિન ધરાવનારને રૂ. 50,000ની ઉચ્ચક રોકડ સહાય
- છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રિટર્ન ભરેલી પાકી દુકાન ધરાવતા વેપારીઓને રૂ. 1 લાખની ઉચ્ચક રોકડ સહાય.
- માસિક ટર્નઓવર રૂ. 7.5 લાખ સુધી ધરાવતા વેપારીઓને રૂ. 20 લાખ સુધીની ટર્મ લોન પર ત્રણ વર્ષ સુધી 7 ટકા વ્યાજ સહાય, વધુમાં વધુ રૂ. 5 લાખ સુધી
- માસિક ટર્નઓવર રૂ. 7.5 લાખથી 15 લાખ સુધી ધરાવતા વેપારીઓને રૂ. 25 લાખ સુધીની ટર્મ લોન પર ત્રણ વર્ષ સુધી 7 ટકા વ્યાજ સહાય, વધુમાં વધુ રૂ. 8 લાખ સુધી.
- માસિક ટર્નઓવર રૂ. 15 લાખથી વધુ ધરાવતા વેપારીઓને રૂ. 30 લાખ સુધીની ટર્મ લોન પર ત્રણ વર્ષ સુધી 7 ટકા વ્યાજ સહાય, વધુમાં વધુ રૂ. 10 લાખ સુધી.
- બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા પાત્ર અસરગ્રસ્ત વેપારીઓને ટર્મ લોન ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી હાથ ધરાશે.
- રોકડ સહાય અથવા વ્યાજ સહાય - બેમાંથી માત્ર એક જ લાભ મળશે.
- રોકડ સહાય માટે નુકસાનનો સર્વે, ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીના આધારે સહાય મંજૂર કરવામાં આવશે

...અનુસંધાન પાના 11 પર

સુરતમાં ખાડીપૂરના કાયમી ઉકેલ માટે વિશેષ ઉચ્ચસ્તરીય સમિતીની રચના કરાઈ

હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, સુરતના ખાડી વિસ્તારમાં ભવિષ્યમાં ફરી પૂર જેવી પરિસ્થિતિ સર્જાય નહીં તે માટે રાજ્ય સરકારે લાંબા ગાળાના ઉકેલ તરફ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ માટે શહેરી વિકાસ અગ્ર સચિવના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં સુરત મહાનગરપાલિકાના કમિશનર, જિલ્લા કલેક્ટર તેમજ સિંચાઈ વિભાગના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીના નિર્દેશ બાદ આ ટીમને સુરત મોકલવામાં આવી છે અને સમિતિ દ્વારા ખાડી વિસ્તારમાં પૂર નિયંત્રણ માટે કોંક્રિટ અને લાંબા ગાળાનો એક્શન પ્લાન તૈયાર કરી તેનો ઝડપથી અમલ શરૂ કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જાહેર કરેલા આ પુનઃવસન સહાય પેકેજની જોગવાઇઓ આ મુજબ છે

ક્રમ	પાત્રતા	સહાયની વિગત
૧	લારી/રેકડી ધારકો	ઉચ્ચક રૂ.૭,૫૦૦/- ની રોકડ સહાય
૨	નાની સ્થાયી કેબિન (કેબિનનો વિસ્તાર ૪૦ ચોરસ ફુટ સુધી હોય તે)	ઉચ્ચક રૂ.૨૫,૦૦૦/- ની રોકડ સહાય
૩	મોટી કેબિન (કેબિનનો વિસ્તાર ૪૦ ચોરસ ફુટથી વધારે હોય તે)	ઉચ્ચક રૂ. ૫૦,૦૦૦/- ની રોકડ સહાય
૪	પાકી દુકાન (દુકાનનું પાકું બાંધકામવાળું સ્થાયી માળખું હોય અને છેલ્લા ત્રિમાસિકનું GST રિટર્ન ભરેલ હોય)	ઉચ્ચક રૂ. ૧,૦૦૦,૦૦૦/- ની રોકડ સહાય
૫	પાકી દુકાન (દુકાનનું પાકું બાંધકામવાળું સ્થાયી માળખું હોય અને છેલ્લા ત્રિમાસિક GST રિટર્ન મુજબ માસિક ટર્ન ઓવર રૂ. ૭.૫ લાખ સુધી હોય)	રૂ. ૨૦ લાખ સુધીની ટર્મ લોન લેનારને 3 વર્ષ સુધી ૭% ના દરે વ્યાજ સહાય (વધુમાં વધુ કુલ રૂ. ૫ લાખની મર્યાદામાં)
૬	પાકી દુકાન (દુકાનનું પાકું બાંધકામવાળું સ્થાયી માળખું હોય અને છેલ્લા ત્રિમાસિક GST રિટર્ન મુજબ માસિક ટર્નઓવર રૂ.૭.૫ લાખથી ૧૫ લાખ સુધી હોય)	રૂ. ૨૫ લાખ સુધીની ટર્મ લોન લેનારને 3 વર્ષ સુધી ૭% ના દરે વ્યાજસહાય (વધુમાં વધુ કુલ રૂ. ૮ લાખની મર્યાદામાં)
૭	પાકી દુકાન (દુકાનનું પાકું બાંધકામવાળું સ્થાયી માળખું હોય અને છેલ્લા ત્રિમાસિક GST રિટર્ન મુજબ માસિક ટર્નઓવર રૂ. ૧૫ લાખથી વધુ હોય)	રૂ. ૩૦ લાખ સુધીની ટર્મ લોન લેનારને 3 વર્ષ સુધી ૭% ના દરે વ્યાજ સહાય (વધુમાં વધુ કુલ રૂ. ૧૦ લાખની મર્યાદામાં)

વરસાદી માહોલ અને કડક સુરક્ષા વચ્ચે પુરીમાં રથયાત્રા

ધાર્મિક વિધિઓ બાદ ૧૫ દિવસ સુધી 'અણસર' (એકાંતવાસ) માં રહેલા મહાપ્રભુ જગન્નાથ, ભાઈ બલભદ્ર, દેવી સુભદ્રા અને સુદર્શનજીએ મંગળવારે નવયૌવન સ્વરૂપે ભક્તોને દર્શન આપ્યા હતા. પ્રભુથી પખવાડિયાના લાંબા વિરહ બાદ ગર્ભગૃહના દ્વાર ખુલતાં જ અલૌકિક દર્શન કરી હજારો શ્રદ્ધાળુઓની આંખો ભીની થઈ ગઈ હતી. આ મહાપર્વના આગલા ચરણમાં, હવે આજે (૧૬ જુલાઈ) અષાઢી બીજે મહાપ્રભુ પોતાના નંદીઘોષ રથ પર સવાર થઈને નગરચર્યાએ નીકળશે, જેના સાક્ષી બનવા સમગ્ર પુરીધામ અત્યારે ભક્તિના રંગે રંગાઈ ગયું છે. દેશ-વિદેશથી ઉમટેલા લાખો શ્રદ્ધાળુઓ દ્વારા 'જય જગન્નાથ'ના નાદ સાથે રથ ખેંચીને ધન્યતા અનુભવવામાં આવશે.

ઓડિશાના પુરીમાં અષાઢી બીજના પાવન પર્વે યોજાનારી વિશ્વપ્રસિદ્ધ રથયાત્રા માટે ભગવાન જગન્નાથ, બલભદ્રજી અને દેવી સુભદ્રાજીના ત્રણેય ભવ્ય રથો સજ્જ થઈ ગયા છે. હવામાન વિભાગે રથયાત્રાના દિવસે ભારે

...અનુસંધાન પાના 11 પર

દિલ્હી ડાયરી

જાપાની પીએમનો આસામ પ્રવાસ રદ થવાનું રહસ્ય

ભારતના પ્રવાસે આવેલા જાપાનનાં વડાં પ્રધાનનો આસામ પ્રવાસ કેમ રદ કરવામાં આવ્યો? દિલ્હીના સરકારી અને રાજકીય વર્તુળોમાં આ પ્રશ્નનો જવાબ શોધવા માટે અટકળોનું બજાર ગરમ છે. જાપાનનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન સાનાએ તાકાઈચી 50થી વધુ નેતાઓ અને સીઈઓના પ્રતિનિધિમંડળ સાથે 16મી ભારત-જાપાન સમિટ માટે ભારતની મુલાકાતે આવ્યા હતા. નોંધનીય છે કે, તેમના આ ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળમાં જાપાની કંપનીઓના 50થી વધુ વરિષ્ઠ અધિકારીઓ, વ્યાપારી નેતાઓ અને જાણીતા સીઈઓ સામેલ હતા. તેમના પ્રવાસ દરમિયાન બંને દેશો દ્વારા વેપાર, રોકાણ અને સંરક્ષણ સહિતના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના હેતુથી અનેક પ્રસ્તાવો પર ચર્ચા કરવામાં આવી હોવાના અહેવાલ છે. જોકે, તેમના સમયપત્રકનો એક મહત્ત્વનો ભાગ આસામની મુલાકાત હતો, જે 1 જુલાઈના રોજ યોજાવાની હતી. આ દિવસે જાપાનનાં વડાં પ્રધાન ગુવાહાટીની મુલાકાત લેવાનાં હતાં, જ્યાં સમિટ માટેની તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી હતી. આસામની

...અનુસંધાન પાના 11 પર

મોબાઈલ ફોન ઉત્પાદન પ્રોત્સાહન માટે રૂ. 62,500 કરોડ મંજૂર

સ્વદેશી બ્રાન્ડ્સને પ્રોત્સાહન આપી રૂ. 15 લાખ કરોડની નિકાસનો લક્ષ્યાંક અને 60,000 નવી સીધી નોકરીઓ ઊભી કરાશે

નવી દિલ્હી, તા. 15 (PTI): કેન્દ્રીય કેબિનેટે બુધવારે દેશમાં સ્થાનિક મોબાઈલ ઉત્પાદનને વેગ આપવા અને ભારતીય બ્રાન્ડ્સ વિકસાવવા માટે મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ સ્કીમ (MPMS) હેઠળ 62,500 કરોડ રૂપિયાના બજેટને મંજૂરી આપી છે.

કેબિનેટ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને જણાવ્યું કે સરકાર આ નવી પ્રોત્સાહક યોજના (PLI 2.0) દ્વારા આશરે 15 લાખ કરોડ રૂપિયાની નિકાસ અને 60,000 નવી સીધી નોકરીઓ ઊભી થવાની અપેક્ષા રાખે છે. આ યોજના નાણાકીય વર્ષ 2026-27થી 2030-31 સુધીના 5 વર્ષના ગાળા માટે લાગુ કરવામાં આવશે, જેમાં ભારતીય મોબાઈલ ફોન બ્રાન્ડ બનાવવા માટે અલગ પ્રોજેક્ટ રાખવામાં આવ્યો છે.

સરકારી યાદી મુજબ, ભારતમાં મોબાઈલ ઉત્પાદન પર પાત્ર વેચાણના આધારે 2.25 ટકાથી 5 ટકા સુધીનું પ્રોત્સાહન (ઈન્સેન્ટિવ) આપવામાં આવશે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરેથી સ્પેરપાર્ટ્સની ખરીદી પર 1.5 ટકા અને ભારતીય બ્રાન્ડના

...અનુસંધાન પાના 11 પર

સેમિકન્ડક્ટર ઉત્પાદનને વેગ આપવા રૂ. 1.27 લાખ કરોડની યોજનાને મંજૂરી

1.27 લાખ કરોડના સેમિકોન 2.0થી ભારત 2028 સુધીમાં પોતાની ચિપ્સ બનાવશે

આ યોજના દ્વારા આશરે 4 લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષિત થશે

નવી દિલ્હી, તા. 15 (PTI): કેન્દ્રીય કેબિનેટે બુધવારે દેશના સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને વિસ્તારવા, મોબાઈલ ફોનનું ઉત્પાદન વધારવા અને વૈશ્વિક ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન હબ તરીકે ભારતની સ્થિતિ મજબૂત કરવા માટે આશરે 1.9 લાખ કરોડ રૂપિયાના સંયુક્ત બજેટ સાથે બે મોટી યોજનાઓને મંજૂરી આપી છે. આ અંતર્ગત સેમિકન્ડક્ટર ડિઝાઇન અને ઉત્પાદન ક્ષમતાઓને વેગ આપવા માટે 1.27 લાખ કરોડ રૂપિયાની 'સેમિકોન 2.0' યોજના અને સ્થાનિક સ્તરે મોબાઈલ ઉત્પાદન તથા નિકાસ વધારવા માટે 62,500 કરોડ રૂપિયાની મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ સ્કીમ (MPMS) ને મંજૂરી આપવામાં આવી છે.

સેમિકન્ડક્ટર કાર્યક્રમ અંતર્ગત છ

...અનુસંધાન પાના 11 પર

2 લાખ કરોડ રૂપિયાનું સેમિકન્ડક્ટર ઉત્પાદન થશે

આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, 'આ કાર્યક્રમના અંત સુધીમાં આપણે સ્વદેશી ચિપના ઉત્પાદનમાં આત્મનિર્ભર બની જઈશું.' સરકારને આશા છે કે આ યોજના દ્વારા આશરે 4 લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષિત થશે અને યોજનાના સમયગાળા દરમિયાન 2 લાખ કરોડ રૂપિયાનું સેમિકન્ડક્ટર ઉત્પાદન થશે. ભારતનો પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ વર્ષ

...અનુસંધાન પાના 11 પર

PoKમાં ભડકો: હિંસક અથડામણમાં ૧૨નાં મોત

આંદોલન દબાવવા આખો વિસ્તાર સીલ, ૧ મહિનાથી ચાલતા વિરોધ પ્રદર્શન વચ્ચે મુઝફ્ફરાબાદ કૂચથી તણાવ ચરમસીમાએ; JAAC નેતાઓએ ભારત પાસે મદદ માંગી

નવી દિલ્હી, તા. 15: પાકિસ્તાન-અધિકૃત કાશ્મીર (POK)માં ભારે અશાંતિનો માહોલ છે. પાકિસ્તાની તંત્ર દ્વારા 'જોઈન્ટ અવામી એક્શન કમિટી' (JAAC)ને સશસ્ત્ર અને પ્રતિબંધિત સંગઠન જાહેર કરાયું હોવા છતાં, ભારે સુરક્ષા દળોની તૈનાતી વચ્ચે પણ આ સંગઠને પોતાનું વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું છે.

મંગળવારે પ્રદર્શનકારીઓ અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે થયેલી હિંસક અથડામણમાં 12 લોકોનાં મોત થયાં હતાં, જેમાં 10 નાગરિકો, 1 રેન્જર્સના જવાન અને 1 પોલીસ અધિકારી સામેલ છે. આ હિંસા બાદ બુધવારે બપોરે મુઝફ્ફરાબાદ તરફ યોજાનારી લાંબી કૂચને પગલે સ્થિતિ વધુ તણાવપૂર્ણ બની છે. સત્તાવાળાઓએ રાવલાકોટ સહિતના શહેરોને સીલ કરી દીધા છે અને મીડિયા પર અઘોષિત પ્રતિબંધ લાદી દીધો છે.

આ વિસ્તારમાં છેલ્લા 1 મહિનાથી પ્રદર્શનો ચાલી રહ્યા છે. પ્રદર્શનકારીઓને રોકવા માટે તંત્ર દ્વારા 4,000 રેન્જર્સ, પોલીસ અને ફ્રન્ટિયર કોર્પ્સના જવાનો તૈનાત કરાયા છે. વર્ષ 1947થી પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના આ ભારતીય ક્ષેત્રમાં મોંઘવારી, ખરાબ શાસન અને ભેદભાવ વિરુદ્ધ જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. આ આંદોલન હવે રાજકીય અને આર્થિક સુધારાની વ્યાપક માગમાં ફેરવાઈ ગયું છે.

તંત્ર દ્વારા ઈન્ટરનેટ બંધ કરીને અને ધરપકડો કરીને વિરોધને દબાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. બીજી તરફ, ભારતે આ પ્રદર્શનો અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, આ સ્થિતિ પાકિસ્તાન દ્વારા દાયકાઓથી કરવામાં આવતા વ્યવસ્થિત શોષણ, મૂળભૂત અધિકારોનો ઇનકાર

...અનુસંધાન પાના 11 પર

ભારતના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટનો સંવેદનશીલ ડેટા લીક

કુડનકુલમ પ્લાન્ટના બ્લૂપ્રિન્ટ અને કંટ્રોલ રૂમનું લેઆઉટ લીક થયાની આશંકા

નવી દિલ્હી, તા. 15: ભારતના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ કુડનકુલમ સાથે જોડાયેલા હજારો સંવેદનશીલ દસ્તાવેજો ડાર્ક વેબ પર લીક થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. એક સમાચાર સંસ્થાના જણાવ્યા અનુસાર, 'વર્લ્ડ લીક્સ' નામના હેકર્સ ગ્રુપે આ ડેટા અપલોડ કર્યો છે. તમિલનાડુ સ્થિત આ પાવર પ્લાન્ટના પ્રોજેક્ટ પર કામ કરી રહેલા અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપે સ્વીકાર્યું છે કે થર્ડ-પાર્ટી ડેટા સેન્ટર કંપની 'યોટ્ટા'ના સર્વર હેક થવાને કારણે આ ડેટા ચોરી થયો છે અને આ અંગે સરકારને જાણ કરી દેવામાં આવી છે.

રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટની યુનિટ-3 અને યુનિટ-4 યોજનાના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. યોટ્ટા કંપનીના સર્વર પર 29 મે 2026ના રોજ શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળી હતી, અને જૂનના અંતમાં હેકર્સ ગ્રુપે અંદાજે 8.58 લાખ ફાઈલોમાંથી 19,000 સંવેદનશીલ દસ્તાવેજો લીક કર્યા હોવાનો દાવો કર્યો હતો. લીક થયેલા મુખ્ય દસ્તાવેજોમાં યુનિટ-3 અને યુનિટ-4ના વેન્ટિલેશન અને ફ્યૂલિંગ સિસ્ટમના બ્લૂપ્રિન્ટ, કોમન કંટ્રોલ

...અનુસંધાન પાના 11 પર

OTT પ્લેટફોર્મ્સ પર કસાશે સરકારી લગામ

કોઈ પણ ફિલ્મ રિલીઝ કરતા પહેલા સેન્સર બોર્ડની મંજૂરી બની શકે છે ફરજિયાત!

નવી દિલ્હી, તા. 15 (PTI): કોઈ પણ પ્રકારની મંજૂરી વિના રિલીઝ થયેલી ફિલ્મ 'સતલુજ' અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે, સરકાર ઓટીટી (OTT) પ્લેટફોર્મ પર ફિલ્મો રિલીઝ કરતા પહેલા તેના સર્ટિફિકેશન માટે આઈટી નિયમો 2021માં સુધારો કરવાનું વિચારી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર ઓટીટી પ્લેટફોર્મ પર કોઈ પણ ફિલ્મ રિલીઝ થાય તે પહેલા સેન્સર બોર્ડ પાસેથી ફરજિયાત પ્રમાણપત્ર અને મંજૂરી મેળવવાની વ્યવસ્થા લાવવા પર વિચારણા કરી રહી છે, જેના માટે આઈટી નિયમોમાં સુધારો કરવો જરૂરી છે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે, સેન્સર બોર્ડ (CBFC) માં હજી વિચારણા હેઠળ રહેલી અને અનેક કટ સૂચવવામાં આવ્યા હોવા છતાં અનસેન્સર્ડ ફિલ્મ 'સતલુજ'નું પ્રસારણ કરવા બદલ મધ્યસ્થી પ્લેટફોર્મ ZEE5 સામે પણ પગલાં લેવા પર વિચાર થઈ રહ્યો છે. જોકે, હાલમાં ઓટીટી કન્ટેન્ટ સેન્સર બોર્ડના કાર્યક્ષેત્રમાં આવતું નથી. રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓને ટાંકીને સરકારના આદેશ બાદ 3 જુલાઈએ રિલીઝ થયેલી આ ફિલ્મને બે દિવસ પછી ZEE5 પરથી હટાવી દેવામાં આવી હતી.

હની ત્રેહાન દ્વારા નિર્દેશિત અને

...અનુસંધાન પાના 11 પર

રશિયન તેલ ખરીદવા બદલ ભારત સહિત 5 દેશો પર 100 ટકા ટેરિફ લાદવા અમેરિકામાં બિલ રજૂ

યુરોપના 15 દેશોને આ કડક જોગવાઈમાંથી મુક્તિ અપાઈ, અન્ય 4 દેશોમાં ચીન, સ્લોવાકિયા, હંગેરી અને અઝરબૈજાન સામેલ

વોશિંગ્ટન, તા. 15 (PTI): અમેરિકાના સેનેટરોના એક દ્વિપક્ષીય જૂથે રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત અને ચીન સહિત પાંચ દેશો પર 100 ટકા સુધીનો ભારે આયાત વેરો (ટેરિફ) લાદવાની જોગવાઈ કરતું એક નવું બિલ રજૂ કર્યું છે.

દિવંગત રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામ દ્વારા તૈયાર કરાયેલા આ બિલમાં રશિયા પાસેથી ગેસ ખરીદતા 15 યુરોપિયન દેશોને ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે, કારણ કે તેઓ રશિયા પરની પોતાની આર્થિક નિર્ભરતા ઘટાડવા માટે સતત પગલાં લઈ રહ્યા છે. ભારત અને ચીન ઉપરાંત આ કડક કાનૂની જોગવાઈ હેઠળ જે અન્ય દેશોને નિશાન બનાવવામાં આવ્યા છે તેમાં સ્લોવાકિયા, હંગેરી અને અઝરબૈજાન સામેલ છે.

ડેમોક્રેટિક સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલે પત્રકારોને જણાવ્યું કે, આ બિલ રશિયાની ઉર્જા, સંરક્ષણ અને નાણાકીય ક્ષેત્ર જેવી મોટી અર્થવ્યવસ્થા પર સંપૂર્ણ પ્રતિબંધો લાદે છે. જો આ નવું બિલ યુએસ કોંગ્રેસમાં પાસ થઈ જશે, તો તે

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૫-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો	મોસમનો
	0.0 મીમી	૧૫૪.૮૮ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૯.૨ સે.	૨૮.૨ સે.	૫૨%